Volume : 1 | Issue : 9 | September 2012 ISSN - 2250-1991

Research Paper Economics

# કોલઘા જાતિની વર્તમાન આર્થિક સ્થિતિ અને તેમના વિકાસ માટેના સૂચિતાર્થો

## Kolgha Jatina Vartman Aarthik stithi ane temna vikas matena suchitartho

*Dr. K.B.Konkani

* Associate Professor, Department of Economics, Bhavnagar University, Bhvanagar

વિશ્વમાં આફ્રિકાને બાદ  કરતા આદિવાસીઓની  સૌથી  વધુ વસ્તી  ભારત દેશમાં છે. ભારતમાં સ્વતંત્રતાના ૭ દાયકા બાદ  પણ તેઓ આથિ  ક,  સામા ક અને શૈક્ષણિક રીતે સામાન્ય વસ્તીની  તુલના પાછળ  છે.  તેઓને ભારતનાં બંધારણની  ૩૬૬ કલમ  હેઠળ આદિવાસી  તરીકે જાહેર કરવામાં આવ્યા છે.  સમગ્ર ભારતમાં તેઓની  કુલ  વસ્તી ૧૯૯૧ ના સેન્સસ મુજબ ૬૭.૭૫  મીલીયન જેટલી  હતી.  તે સમયે ભારતની  કુલ વસ્તીનાં ૮% જેટલી  હતી.  જયારે ૨૦01 ના સેન્સ મુજબ વસ્તી  વધીને ૮૫  મીલીયન જેટલી  થઈ છે.  ભારતમાં વત  માન સમયે ૯૦% આસપાસ આદિવાસીઓની  વસ્તી જંગલો પહાડી  વિસ્તાર તેમજ ગ્રામીણ વિસ્તારમાં વસવાટ કરે છે.  તેઓ મુખ્યત્વે ક  ષિક્ષેત્ર અને તેની  સંલગ્ન પ્રવ  તિ સાથે જોડાયેલા છે.

ભારતમાં આદિવાસીઓની  વધુ વસ્તી  ધરાવતા રાજયોમાં મિઝોરમ  (૯૪.૫%) મેઘાલય (૮૫.૯%) અને નાગાલેન્ડમાં (૮૯%) જેટલી  વસ્તી  છે.  તદઉપરાંત અરૂણાચલ  પ્રદેશ, મધ્યપ્રદેશ,  છતીસગઢ,  ઝારખંડ,  રાજસ્થાન અને ગુજરાત જેવા રાજયો સારા એવા પ્રમાણમાં વસ્તી  આવેલ  છે.  ભારતમાં ૫૭૪ જેટલા જુદા–જુદા આદિવાસી  સમુદાયો વસે છે.  તેમાંથી  કેટલાક સમુદાયોને આથિ  ક વિકાસ લાભો જરૂર મળ્યા છે.  જયારે કેટલાક એવા સમુદાયો છે.  તેમને આથિ  ક વિકાસના લાભોથી  આજે પણ વંચિત છે.  જે સમુદાયો શિક્ષિત છે.  તેઓ બંધારણીય જોગવાઈને પરિણામે આથિ  ક અને સામા ક બીજા સમુદાયો કરતા આગળ  છે.  જયારે કેટલાક સમુદાયો નિરક્ષર,  નિધ  ન અને નિબ  ળતાના કારણે ગરીબીમાં સપડાયા છે.  તેમાં ખાસ કરીને ગુજરાતમાં કોળઘા,  કોટવાળીયા,  કાથોડી, પઢાર,  સીદી  વગેરે જાતિઓ હજુપણ અલ્પ  અવસ્થામાં  વન વ્યતિત કરે છે.

**ગુજરાતમાં  આદિવાસીઓનો પરિચય :-**

આદિવાસીની  વસ્તી  ગુજરાતમાં પંચમહાલ,  સુરત,  વલસાડ,  વડોદરા અને ભરૂચ અને સાબરકાંઠા અને બનાસકાંઠા જેવા જિલ્લાઓમાં કેન્દ્રીત થયેલી  છે.  ૧૯૯૧ નાં સેન્સસ મુજબ ગુજરાતની  આદિવાસી  વસ્તી  ૬૧.૬૧ લાખ હતી.  તે સમયે કુલ  વસ્તીના ૧૪.૯ ૨% જેટલી  હતી.

**અથ શાસ્ત્ર  ભવન, ભાવનગર  યુનિવસિ ટી, ભાવનગર.**

૨૦01 નાં સેન્સસ મુજબ તેઓની  વસ્તી  વધીને લગભગ ૭૫  લાખ આસપાસ થઈ છે. રાજયની  વસ્તીના ૧૫% થાય છે.  સરકાર દ્વારા આદિવાસીઓનાં વિકાસ માટે ઘણા પ્રાપ્તનાં કરવામાં આવ્યા છે.  પરંતુ અપેક્ષા મુજબ પ્રગતિ થઈ નથી.

ગુજરાત રાજયમાં આદિવાસી  વિસ્તાર મુખ્ય ત્રણ રીતે વહેંચાયેલો છે.  એક ખડકાળ વિસ્તાર જે જંગલોમાં ફેલાયેલો છે.  બીજો નદિના પાણથી  બનેલો કોષનો ફળદ્રુપ  વિસ્તાર અને ત્રીજો આ બંને વિસ્તાર વચ્ચેનો ઢાળવાળો વિસ્તાર જેમાં વાંસના વ  ક્ષો અને અન્ય ફાઈબર છોડ દ્વારા મોટા ભાગનો વિસ્તાર  રોકાયેલો છે.  આ સમગ્ર વિસ્તાર  રાજયનાં ઉત્તરથી દક્ષિણ તરફ જઈએ તો ભારતના ત્રણ રાજયોની  ભૌગોલિક સીમાઓ જેમકે રાજસ્થાન, મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્ર રાજયનો સમાવેશ થાય છે.  જે ખડકો અને જંગલોથી  ઘેરાયેલો છે.

આ વિસ્તારમાં ઘણી  સદિઓથી  આદિવાસી  સમાજ જોવા મળે છે.  તદ્દ ઉપરાંત ઉતરમાં અરવલ્લી  અને સાતપૂડાનાં પવ  તમાળામાં અને દક્ષિણ પૂવે  સહયાદ્રીની  પવ  તમાળા ઓમા પણ આદિવાસી  સમાજ જોવા મળે છે અને બીજા ખાઈના વિસ્તાર અને ઢોળાવવાળા વિસ્તારોમાં પણ આ સમાજ જોવા મળે છે.  દક્ષિણ વિસ્તાર કરતા પૂવ  અને પશ્ચિમની હદ  વચ્ચેનો વિસ્તાર ઘણો મોટો છે એટલે કે સહ્યાદ્રી  પવ  તમાળા અને અરબી  સમુદ્ર વચ્ચેનો દક્ષિણ ગુજરાત ભાગ ઘણો ઓછો જોવા મળે છે.

ગુજરાતમાં જુદા–જુદા આદિવાસી  સમુદાયો વચ્ચે સામા ક–આથિ  ક પરિસ્થિતમાં ઘણો તફાવત જોવા મળે છે.  જેમકે ઢોડિયા,  ચૌધરી,  પટેલીયા અને ડુંગરી  આદિવાસી  જૂથો અન્ય આદિજાતિ જૂથોની  સરખામણીમાં પરિવત  ન ઝડપી  જોવા મળે છે.  અન્ય જૂથો કરતા તેઓ વધુ ઝડપથી  વિકસતા જોવા મળે છે.

જયારે કોલઘા,  કાથોડી,  કોટવાળીયા,  પઢાર,  સીદી  જેવા સમુદાયો વત  માન સમયે પણ અલ્ય અવસ્થામાં  વન વ્યતિત કરે છે.  તેઓ આદિવાસી  અન્ય જૂથોની  સરખામણીમાં હજુ પણ અતિ પછાત છે.  સ્વતંત્રતા બાદ  આ જાતિઓનો વિકાસ થાય અને અન્ય સમુદાયો સાથે કદમ  મિલાવી  શકે તે માટે સરકારે વિકાસલક્ષી  પ્રાપ્તનો હાથ ધયા  છે.  તેમાં કંઈક અંશે સફળતા– નિષ્ફળતાના પરિણામો જોવા મળે છે.

આદિવાસીઓના વિકાસ માટે છઠ્ઠ ી  પંચવષી ય યોજનામાં રાજયની  પાંચ અલ્પ અવસ્થામાં  વન વ્યતિત કરતી  કોલઘા,  કાથોડી,  પઢાર,  કોટવાળીયા અને સીદી જાતિઓનો આદિમ  જૂથોમાં સમાવેશ કરવામાં આવેલ  છે.  આ પાંચેય જાતિ આથિ  ક રીતે ઘણીજ પછાત છે.  આ જાતિઓનાં આથિ  ક વિકાસ માટેની  યોજનાઓમાં કેન્દ્ર અને રાજય સરકાર દ્વારા ૯૦% સહાયની  જોગવાઈ કરવામાં આવી  છે.

આ પાંચ જાતિઓને અતિ પછાત જાહેર કરવામાં આવી  છે.  પરંતુ અહિં કોલઘા જાતિનો અભ્યાસ કરવા કરવામાં આવ્યો છે.  આ જાતિની  વસ્તી,  વ્યવસાય,  રીત રિવાજો સંસ્ક  તિની  ચચા  કરવામાં આવી  છે.

**ગુજરાતમાં  આદિમ  જાતિઓની  વસ્તી  અને ટકાવારી  પ્રમાણ**

| જાતિ | ગ્રામ્ય | ટકામાં | શહેરી | ટકામાં | કુલ  વસ્તી  અને ટકાવારી |
|---|---|---|---|---|---|
| કોલઘા | ૬૧,૨૨૧ | ૯૮.૪ | ૧૦૧૧ | ૧.૬ | ૬૨૨૩૨(૧૦૦) |
| કોટવાળીયા | ૧૬,૧૨૮ | ૯૦.૮ | ૧૬૩૧ | ૯.૨ | ૧૭૭૫૯(૧૦૦) |
| કાથોડી | ૨૫૧૪ | ૯૮.૭ | ૩૨ | ૧.૩ | ૨૫૪૬(૧૦૦) |
| પઢાર | ૯૮૨૦ | ૯૨.૮ | ૭૬૭ | ૭.૨ | ૧૦૫૮૭(૧૦૦) |
| સીદી | ૩૨૫૧ | ૫૯.૯ | ૨૧૭૮ | ૪૦.૧ | ૫૪૨૯(૧૦૦) |
| સ્ત્રોત : ૧૯૯૧ સેન્સસ | | | | | |

૧૯૯૧ ના વષ  દરમ્યાન ગુજરાતની  વસતિ ૪ કરોડ ૧૩ લાખ છે જેમાં ૬૨ લાખ (૧૫ ટકા) આદિવાસી  છે.  દર પાંચ ગુજરાતીઓમાં એક આદિવાસી  હોય છે.  તેમાંય આદિમ  જૂથમાં ગણાતી  કોલઘા જાતિની  વસતિ ૬૨,૨૩૨ જેટલી  છે.  સૌથી  વધુ વસતિ ગુજરાતમાં છે ગુજરાતના વલસાડ જિલ્લામાં કોલઘાની  વસતિ વધારે છે.

કોલઘા જાતિની  વસ્તી  ૬૨,૨૩૨ જેટલી  છે.  જેનો મુખ્ય વ્યવસાય ખેતમજૂરી  છે. બીજા ધંધા કરતી  હોવા છતાં બારેમાસ પૂરતા પ્રમાણમાં ભોજન મેળવી  શકતી  નથી. કોલઘા જાતિ માટે સરકારની  આદિવાસી  પેટા યોજનામાં  વન ધોરણ ઉંચે લાવવા માટેની વિકાસ યોજના હાથ ધરવામાં આવી  છે અને તેમાં કંઈક હકારાત્મક પરિણામો જોવા મળ્યા છે.

આ લેખનો મુખ્ય ઉદ્દેશ્ય કોલઘા જાતિનો ઈતિહાસ જાણવોલ  અને કેટલાક આથિ  ક ચલોનો અભ્યાસ કરવો જેનો કોલઘા જાતિની  વસ્તી  પર પ્રભાવ  પડે છે.

**કોલઘા જાતિનો ઈતિહાસ :-**

કોઈપણ કોમનું લોક વન ઘડવામાં વિવિધ પ્રકારનાં કુદરતી  પરિબળો મુખ્યત્વે ભાગ ભજવે છે.  કુદરતી  પરિસ્થિતિનાં આઘાત–પ્રત્યાઘાતમાંથી  વિશ્વની  અનેક સંસ્ક  તિઓ પાંગરી  છે,  વિનાશ પામી  છે અને પરિવત  ન સ્વરૂપે ટકી  પણ રહી  છે.  આવી  ચિંર વી  સંસ્ક  તિમાં ભારતીય સંસ્ક  તિને પણ ગણાવી  શકાય.  એનું સમન્વયકારી વલણ,  એનાં ધોરણ,  પોષણ અને વંશવ  ધ્ધિ માટે પ્રધાન બળ  સમાન હતું.  એટલે કોઈપણ કોમનાં લોક વન વિશે અભ્યાસ કરતાં એનાં ઉદ્દભવ  વિશેની  માહિતી  મેળવવી અનિવાય  છે.  કારણ કે વત  માન કાળમાં કોઈપણ સ્થળ  વિશેષમાં વસવાટ,  પ્રજાના સંસ્કારોમાં તેમનાં ભૂતકાળનાં પરિબળો બીજરૂપે પડેલા હોય છે કોલઘા જાતિ વિશે કોઈ આધારભૂત સાહિત્ય મળતું નથી.  આમ  છતાં,  તેઓની  લાક્ષિણિકતા વિશેની  આંશીક માહિતી  ૧૯૯૧ નાં બોમ્બે રેસિડન્સી  જૂનાં ગેઝેટીયરસમાંથી  અને બીજા કેટલા રિપોટ  માંથી  મળી  આવે છે.

'કોલઘા'  જંગલો અને ડુંગરાળ  વિસ્તારમાં જોવા મળે છે.  વાસ્તવમાં આ વસ્તિનું મૂળ વસવાટ ખાનદેશ કે મહારાષ્ટ્ર છે.  આ પ્રદેશનાં કોલઘાની  અવસ્થા મધ્યયુગનાં દાસો જેવી જ હતી  તેઓ ખૂજબ પરિશ્રમ  કરનારી  અને મહેનતુ જાતિ તરીકે ઓળખાતી,  જમીનદારો માલિકો જે આપે તેનાથી  સંતોષ માનતી.  કોલઘા નામ  કેવી  રીતે અસ્તિત્વમાં આવ્યું તે પણ તેઓ જાણતા નથી.  કોલઘા કોળચા,  ઢોરકોળી  અને ટોકરેકોળી  તરીકે પણ ઓળખાય છે.  ઢોરકોળી  નામ  ઢોરશબ્દ  અથવા અંગ્રે 'કેટલ'  પરથી  આવ્યું,  કે જે તેઓ ખાય છે.  ટોકરેકોળી  શબ્દ  જે જૂથો વાંસના ધંધા સાથે હતા,  જે વાંસનાં કામમાં ટોકરા બનાવતા હતા તે ટોકરે કોળી  તરીકે જાણીતા થયા હતા.

૧૯૬૧ ના સેન્સસ મુજબ ભૌગોલિક રીતે થાણા જિલ્લાના ૪૭ ગામડાઓ અને ૩ શહેરો પશ્ચિમ  ખાનદેશના ૧૨૯ ગામડાઓ,  સુરત અને વલસાડ જિલ્લામાં વિલિન થઈ ગયા હતા જયાં સવે  ક્ષણ કરવામાં આવતાં એ સાબિત થયું કે ત્યાં એકેય ગામડું એવું ન હતું કે જયાં કોલઘા જાતિ વસતિ ન હોય.  જુદા જુદા ગામડાઓમાં તેઓ દશ બાર (૧૦–૧૨) કુટુંબોમાં અને કટલાક ચૌદ  પંદર (૧૪–૧૫) કુટુંબોમાં એટલે કે જૂથમાં રહે છે.  છૂટા છવાયાં રહેવા પાછળનું કારણ તેમનો મુખ્ય વ્યવસાય ખેતમજૂરી  અને પશુ ચરાવવાનો છે.  જો તેઓ એક જ ગામમાંરહે તો કામ  મળવું મુશ્કેલ  બની  જાય.

સામાન્ય રીતે તેમના ઝૂંપડાઓ જમીનદારોની જમીન પર જ બાંધે છે કે જયાં તેઓ કામ કરે છે. તેમનાં ઝૂંપડા છૂટા છવાયાં કે એક ખૂણામાં હોય છે. જે કોલઘા વાસ તરીકે ઓળખાય છે. ઝૂંપડાઓ માટી થી લીપેલા દિવાલોથી પેક કરેલ, છાપરૂ ઘાસથી ઢંકાયેલ હોય છે. મોટાભાગનાં ઝૂંપડા ગોળાકાર હોય છે. જે 'કૂબા' તરીકે ઓળખાય છે. ઝૂંપડાઓ માત્ર એક જ રૂમના હોય છે બારીઓ હોતી નથી. દરવાજા વાંસની કામડીમાંથી બનાવેલ હોય છે. સરકાર દ્વારા બાંધવામાં આવેલ કોલઘાના ઘર (છાંપરા) મેંગલોરી નળિયાનાં બનાવેલ હોય છે. જે ઝૂંપડાઓનું નિમા ણ કરવા કુટુંબના બધા સભ્યો કાય કરે છે. જે ઝૂંપડાઓ શુવ્યવસ્થિત દેખાતા નથી. આમ તેનો વસવાટ જ તેમની દુઃખદાયક સ્થિતિનો અહેવાલ આપે છે.

**કોલઘા જાતિનાં વિકાસનાં મુખ્ય અવરોધો :-**

(૧) શિક્ષણનો અભાવ : પછાત વગ માં કલ્યાણ અંગેની યોજનામાં સફળતા મેળવવી હોય તો શિક્ષણ એક અનિવાય પરીબળ છે. જુદી જુદી પંચવષી ય યોજનામાં શિક્ષણ સમાજના નાનામાં નાનાં વગો સુધી પહોંચે તે માટે જુદી જુદી ભલામણો કરવામાં આવી, તે છતાં આદિજાતિઓ કે જે ડુંગરાળ વિસ્તારમાં રહે છે તેવી જાતિઓને શિક્ષણનો પૂરેપૂરો લાભ જોવા મળતો નથી.

(૨) ધિરાણની મુશ્કેલીઓ : શાહુકારી ધિરાણ પ્રથાને લીધે આદિવાસી ખેડૂતોનું શોષણ થયું છે તેને પરિણામે પોતાની જમીનને ગુમાવી બેઠા છે. અથવા જમીનની માલિકી પોતાની હોવા છતાં, શાહુકારો માટે જ ખેતી કરતા હોય તેવું જોવા મળ્યું છે.

(૩) ધિરાણની વસૂલાતની સમસ્યા : કોલઘા જાતિ દ્વારા મેળવવામાં આવતું ધિરાણ બિનઉત્પાદક કાય માં વપરાય છે. આથી દેવાની વસુલાત રોકડ રકમ નહી પણ જમીન પાક લઈને કરવામાં આવે છે.

(૪) સરકાર દ્વારા આ જાતિના વિકાસ માટે જુદી જુદી યોજનાઓ આથિ ક સહાય આપવાનાં કાય કરે છે, પરંતુ આ યોજનાનો લાભ પછાત ગણાતી વસ્તીને (આદિમજૂથો) જે મળવો જોઈએ તે મળતો નથી. એનો લાભ સમાજનો ઉપલો વગ લે છે.

**તારણો :-**

(૧) સૈકાઓથી સામા ક અન્યાય અને ગરીબીનો ભોગ બનેલો આદિવાસી સમાજ ગ્રામીણ, જંગલો અને ડુંગરાળ વિસ્તારમાં નિરક્ષરતા, નિધ નતા અને નિબ ળતાના કારણે આ લોકો ગરીબીમાં સપડાયા છે.

(૨) કેન્દ્ર અને રાજય સરકાર આદિમ જૂથમાં સમાવિષ્ટ પાંચ જાતિઓને ૯૦% ની સહાય કરવામાં આવે છે. છતા પણ આ જાતિઓ આદિવાસીની અન્ય જાતિઓ કરતા પછાત છે.

(૩) આદિમ જુથના લોકો ખાસ કરીને કોલઘા જાતિ નદિ કિનારે અને ડુંગરાળ પ્રદેશમાં અને જંગલમાં કે જંગલની ન ક રહેવાનું વધુ પસંદ કરે છે. તેઓ મહદઅંશે ખેત મજૂરી કરે છે. કારણ કે તેઓ જમીન વિહોણા છે. ખૂબજ ઓછા લોકો પાસે જમીન છે તેઓ વરસાદ આધારીત ખેતી કરે છે.

(૪) આદિમ જૂથોમાં ખાસ કરીને કોલઘા જાતિને વન ટકાવવા માટે સ્થળાંતર અનિવાય બાબત છે. સ્થળાંતરને કારણે તેઓ ટકી રહયા છે. તેઓ કુટુંબના વન નિવા હ માટે ન કના વિસ્તારોમાં ઋતુગત સ્થળાંતર કરે છે. દક્ષિણ ગુજરાતમાં સુગર મિલને કારણે તેઓ શેરડી કાપણી માટે સ્થળાંતર કરે છે.

(૫) કોલઘા જાતિઓમાં શિક્ષણનું પ્રમાણ ખૂબજ નીચુ છે. જેનું મુખ્ય કારણ ઋતુગત સ્થળાંતર અને નાણાકિય અભાવ છે. રોજગારી માટે સ્થળાંતરને કારણે તેમના બાળકો ચોમાસામાં અભ્યાસ કરે છે. ત્યારબાદ અભ્યાસ છોડી દે છે. આ જાતિમાં પાંચ વષ કરતા મોટી કન્યાનું ડ્રોપ આઉટ રેટ ઉંચો છે. વૈકલ્પિક ખચ ખેતી અને ઘરકામનાં સં દભ માં ઉંચો જવા મળે છે.

(૬) કોલઘા જાતિની સામા ક અને આથિ ક સ્થિતિ ખૂબજ નબળી જોવા મળે છે. કારણ કે તેમની પાસે આવક સ્ત્રોતો ઓછા છે. આવકના સ્ત્રોતો વધે તે માટે તેમને શિક્ષણ અને તાલીમ જેવા કાય ક્રમો પર ભાર આપવાની જરૂર છે.

(૭) કોલઘા જાતિને આખા વષ માં ૯૦ થી ૧૨૦ દિવસ ની રોજગારી મળે છે. એવુ અભ્યાસ દ્વારા જાણવા મળેલ છે.

**સૂચનો :-**

(૧) આદિજાતિનાં કષ માટે ૬૦ વષ થી અમલમાં મૂકવામાં આવેલી યોજનાઓ કે કાય ક્રમોના અંતિમ પરિણામો જોયા પછી સ્વીકારવું પડે કે ધાયા મુજબ પરિણામો મળ્યા નથી. હવે પછીની વિકાસ યાત્રામાં આદિવાસીની સક્રિય ભાગીદારી હોય, વિકાસમાં સમાન તકો મળે તેવા પ્રયત્નો કરવા જોઈએ.

(૨) સરકારે આદિવાસી સમાજનાં સશકતીકરણ માટે એવી આથિ ક નીતીઓ ઘડવી જોઈએ જેનાથી વિકાસની તકો અનિવાય પણે સવ પોષક, સવ સમાવેશક અને સવ દેશી હોવી જોઈએ.

(૩) આદિમ જૂથના વિકાસ માટે સરકાર ઉપરાંત ખાનગી તંત્રો અને સ્વૈચ્છિક સંસ્થાઓની ભૂમિકા નોંધપાત્ર હોઈ શકે. સ્વૈચ્છિક સંસ્થાઓ શિક્ષણ અને આરોગ્ય જેવા કાયો માં ખૂબજ સફળ કામગીરી બજાવે છે. સરકારે આથિ ક સહાયનો મોટો ભાગ અસરકારક સ્વૈચ્છિક સંસ્થાઓના માધ્યમથી ફાળવવો જોઈએ.

(૪) સરકાર આદિમજૂથોને નાણાકિય સહાય જુદી જુદી યોજનાના સ્વરૂપમાં આપે છે. તેને પસંદ કરેલી સ્વૈચ્છિક સંસ્થાઓના માધ્યમથી પ્રચાર અને પ્રસાર કરવી જોઈએ.

(૫) રાજય સરકારે ૧૧મી પંચવષી ય યોજના દરમ્યાન આદિજાતિના સવા ંગી કલ્યાણનો કાય ક્રમ સિધ્ધ કરવા માટે 'વનબંધુ કલ્યાણ યોજના' અંતગ ત ૧૫,૦૦૦ કરોડનું પેકેજ જાહેર કરવામાં આવેલ છે. આ કલ્યાણકારી યોજના આદિમ જૂથ પરિવાર માટે અસરકારક સાબિત થાય તેવા પગલાઓ લેવા જોઈએ.

(૬) રાજય સરકાર જુદી જુદી યોજનામાં સહાય કરે છે. પરંતુ સહાયના પ્રમાણમાં તેમના વન ધોરણમાં આવતા પરિવત નો બહુજ ઓછા છે. જે દશા વે છે કે સરકારની યોજાઓ અને સહાયની અસરકારતા બાબતે પુનઃવિચાર કરવો જોઈએ.

(૭) સંપોષિત રોજગારીના માધ્યમથી ગરીબી દુર કરવી જોઈએ ન કે ગરીબી દૂર કરવા માટે રોકડ સહાય પ્રોત્સાહન આપવું જોઈએ.

(૮) આદિમ જૂથો આજે પણ રૂઢિચુસ્ત, જુની માન્યતા અને અંધશ્રધ્ધામાં માને છે. તેઓ આરોગ્ય પ્રત્યે હજુ જાગ ત નથી. તેઓ પરંપરાગત રીતે જુની પધ્ધતિને વધુ મહત્વ આપે છે. આ બાબતે સરકારે ગ્રામિણ વિસ્તારો તેમની સ્થાનિક બોલીમાં તેમને સમજાવવાનો પ્રયાસ કરવો જોઈએ.

(૯) આદિમ જૂથમાં સમાવિષ્ટ પાંચ જાતિ પૈકી કોલઘા જાતિમાં અપુરતુ પોષણ ને પરિણામે તેમનું આરોગ્ય કથળે છે. અપુરતુ પોષણની અસર તેમના સરેરાશ આયુષ્ય પર પડે છે. તેથી તેમનું આયુષ્ય નીચુ (રાષ્ટ્ર અને રાજય) કરતા નીચુ જોવા મળે છે.

(૧૦)કોળઘા જાતિમાં તેમના વડિલો તેમજ આગેવાનો દ્વારા જાણવા મળ્યુ કે તેઓમાં સ્ત્રીઓનું વચ સ્વ વધુ જોવા મળે છે. સરકાર કન્યા કેળવણી પર વધુ ધ્યાન આપે તો શિક્ષણ દ્વારા તેમની સામા ક અને આથિ ક સ્થિતિનું સ્તર સુધારી શકાય.

**REFERENCES**

(૧)ડ્રેઝ જે.(૨૦૦૩)''પેટર્ન ઓફ લીટરેસી એન્ડ ધેઅર સોસયલ કોન્ટેક્ષ આક્ષ્ફોર્ડ યૂનિવર્સિટી પ્રેસ, ન્યુ દિલ્હી. (૨)જોષી કે.એમ.''હ્યુમન કેપીટલ એન્ડ ધ ઈકોનોમીક બેનીફીટ ઓફ એજયુકેશન અન્ડરસ્ટેન્ડીગ ધ ઈન્વેસ્ટમેંટ આરગ્યુમેન્ટ વર્કિંગ પેપર નં.૧/૦૬ ફકભમ (૩)મહારત્ના એ.(૨૦૦૫)''ડેમોગ્રાફિક પર્સપેકટીવ ઓન ઈન્ડયાઝ ટ્રાઈબ, ઓક્ષ્ફોર્ડ યુનિવર્સિટી પ્રેસ, ન્યુ દિલ્હી (૪)નામ્બીસન જી (૨૦૦૦)''ધ સોસીયલ કોન્ટેક્ષ ઓફ લર્નિંગ એન્ડ ધ સ્કુલીગ ઓફ દલીત એન્ડ ટ્રાઈબ ચિલ્ડ્રન'' એ કલેકશન ઓફ આર્ટીકલ, વ્હાઈટ ફિલ્ડ બેંગ્લોર. (૫)સેન્ગુપ્તા પી.જે.(૨૦૦૨)''એનરોલમેંટ ડ્રોપ આઉટ એન્ડ ગ્રેડ કમ્પીટીશન ઓફ ગર્લ ચાઈલ્ડ ઈન વેસ્ટ બંગાલ, ઈપીડબલ્યુ વોલ્યુમ ૩૭, નં.૧૭, પી.પી. ૧૬૨૧–૩૭ (૬)શ્રી વાસ્તવા આર.(૧૯૯૭) રીઝન ફોર ડીસ્કન્ટીન્યુસન ઓફ પ્રાયમરી એજયુકેશન અમોન્ગ ટ્રાઈબલ ઓફ આસામ'' સોસીયલ ચેઈન્જ વોલ્યુમ – ૨૭